## વિષય:- ગણિત ધોરણ:-7 સત્ર-2

## પ્રકરણ :- 13 ઘન આકારોનું પ્રત્યક્ષીકરણ 25 marks

**વિદ્યાથીનું નામ:-.........................................................................................**

**પ્રશ્ન-1 યોગ્ય વિકલ્પ પસંદ કરો.** 7 marks

(1) પિરામિડના બધા ફલક હંમેશા કેવા હોય?

(A) ત્રિકોણીય (B) ચતુષ્કોણીય (C) એકરૂપ (D) ઉપર પૈકી એક પણ નહીં.

(2) નીચે પૈકી કયો ત્રિપરિમાણિય આકાર છે?

(A) ચોરસ (B) ગોલક (C) ત્રિકોણ (D) વર્તુળ

(3) નળાકારમાં કુલ કેટલી ધાર હોય છે?

(A) 0 (B) 1 (C) 2 (D) 3

(4) જે ઘનાકારના સામસામેના બે ફલક એકરૂપ હોય અને અન્ય ફલક સમાંતર બાજુ ચતુષ્કોણ હોય એવો ઘનાકાર કયો?

(A) પ્રિઝમ (B) પિરામિડ (C) શંકુ (D) ગોલક

(5) એક શિરોબિંદુ, એક વક્રસપાટી અને એક વર્તુળાકાર ફલક ધરાવતા ઘનાકારને શું કહે છે?

(A) શંકુ (B) ગોલક (C) નળાકાર (D) પ્રિઝમ

(6) નીચે આપેલ ઘનાકારનું નામ શું છે?



(A) ત્રિકોણીય પિરામીડ (B) ચતુષ્કોણીય પિરામિડ

(C) ચતુષ્કોણીય પ્રિઝમ (D) ત્રિકોણીય પ્રિઝમ

(7) જયારે સમઘનની કોઈ એક ઉભી ધાર પર ટોર્ચનો પ્રકાશ ફેંકવામાં આવે છે ત્યારે મળતા પડછાયાનો આકાર કયો હોય?

(A) ચોરસ (B) લંબચોરસ, પરંતુ ચોરસ નહીં (C) વર્તુળ (D) ત્રિકોણ

**પ્રશ્ન-2 ખાલી જગ્યા પૂરો.** 7 marks

(1) લંબઘનના પાસપાસેના બે કલકના સામાન્ય ભાગને ........ કહેવાય.

(2) ઘનાકાર (ત્રિપરિમાણિય આકાર) નો ધાર (બાજુઓ) વડે સમાવતી સમતલ સપાટીને ......... કહે છે.

(3) ઘનાકારના ખૂણાઓને ....... કહેવાય.

(4) ત્રિકોણીય પિરામિડને .... ફલક .... ધાર અને ..... શિરોબિંદુ હોય.

(5) ત્રિકોણીય પ્રિઝમમાં .... ફલક હોય છે. જે પૈકી ... ફલક લંબચોરસ અને 2 ફલક ત્રિકોણ હોય છે.

(6) લંબઘનનો દરેક ફલક ............... હોય છે.

(7) લંબઘન એ ચતુષ્કોણીય ............... છે.

**પ્રશ્ન-3 સૂચના મુજબ કરો.** **4 marks**

(1) જેની પહોળાઈ અને ઉંચાઈ સરખી હોય, પરંતુ લંબાઈ તેની પહોળાઈથી બમણી હોય તેવા લંબઘનની રેખાકૃતિ દોરો.

(2) ત્રિકોણીય પિરામિડની રેખાકૃતિ દોરો.

**પ્રશ્ન-4 આપેલ આકૃતિ કયા ઘન આકારની છે?** **1 marks**

(A) ત્રિકોણ (B) શંકુ (C) પ્રિઝ્મ (D) પિરામિડ



**પ્રશ્ન-5 આપેલ આકૃતિમાં ફલક (F) કેટલા છે?** **2 marks**



(A) 6 (B) 7

(C) 8 (D) 9

**પ્રશ્ન-6 સૂચના મુજબ કરો.** **4 marks**

(1) લંબઘનની રેખાકૃતિ દોરો.

(2) 6 સેમી x 4 સેમી x 2 સેમીના લંબઘનની સમમિતીય આકૃતિ દોરો.